# ધોરણ-૧૨ (સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ અને ઉ.ઉ.બુ પ્રવાહ)ની પૂરક પરીક્ષા-૨૦૨૨ માટે આવેદન કરવા માટેની સુચનાઓ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ અને ઉ.ઉ.બુ. પ્રવાહની ઉચ્ચતર માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા માર્ચ-૨૦૨૨ માં જે વિદ્યાર્થીઓ એક(૧) વિષયમાં ગેરહાજર રહેલ હોય અથવા એક(૧) વિષયમાં અનુત્તિર્ણ (નાપાસ) હોવાને કારણે ગુણપત્રકમાં (NEEDS IMPROVEMENT) "સુધારણાને અવકાશ" ધરાવે છે તેવા પરીક્ષાર્થીઓની શાળાવાર યાદી તૈયાર કરી શાળાઓને માર્ચ-૨૦૨૨ ની પરીક્ષાના પરિણામ સાથે મોકલવામાં આવેલ છે. જે વિદ્યાર્થીઓ એક(૧) વિષયની પરીક્ષામાં નાપાસ કે ગેરહાજર છે અને પૂરક પરીક્ષા આપવા ઇચ્છુક હોય તેવા પરીક્ષાર્થીઓ વર્ષ-૨૦૨૨ ની પૂરક પરીક્ષામાં ઉપસ્થિત થઇ શકશે.

- **અરજી કરવા માટેની પ્રક્રિયા:-**

  આ પૂરક પરીક્ષા માટેનું આવેદન શાળાઓએ બોર્ડની વેબસાઇટ www.gseb.org અથવા hscgenpurakreg.gseb.org પરથી ONLINE કરવાનું રહેશે. આવેદન કરવાની પ્રક્રિયા તથા ફી ભરવાની પ્રક્રિયા શાળા દ્વારા ફક્ત ઓનલાઇન માધ્યમથી જ કરવાની રહેશે. આવેદનપત્ર રૂબરૂ કે ટપાલ દ્વારા સ્વિકારવાની પધ્ધતિ અમલમાં નથી. જેથી વિદ્યાર્થીની યાદી બોર્ડને મોકલવાની રહેતી નથી.

  પરીક્ષા માટેનું આવેદન તથા ફી ભરવાની કામગીરી તા.૨૦/૦૬/૨૦૨૨ બપોરે ૧૪:૦૦ કલાકથી તા.૩૦/૦૬/૨૦૨૨ સાંજે ૧૭:૦૦ કલાક સુધી ઓનલાઇન કરી શકાશે.

- **Login કરવા માટેની પ્રક્રિયા:-**

  I. **શાળા દ્વારા Login કરવાની પ્રક્રિયા:-**

  શાળાએ Login કરવા માટે પોતાનો ઇન્ડેક્ષ નંબર, પાસવર્ડ તથા Captcha Code ભરી Login Button પર કલીક કરવું.

  II. **વિદ્યાર્થી દ્વારા Login કરવાની પ્રક્રિયા:-**

  વિદ્યાર્થીએ Login કરવા માટે પોતાનો Seat Number, School Index number(દા.ત:૦૦.૦૦૦૧) તથા Captcha Code ભરી Login Button પર કલીક કરવું.(School Index Number અને Seat Number વિદ્યાર્થીની માર્કશીટ પર લખેલો હોય છે.)

- **આવેદન(રજીસ્ટર) કરવા અને ફી ભરવા માટેની પ્રક્રિયા:-**

  શાળાએ જે વિદ્યાર્થીનું આવેદન કરી તેની ફી ભરવી છે તે વિદ્યાર્થીના ચેકબોક્ષ ઉપર ક્લીક કરી(વિદ્યાર્થીના નામ સામે ટીકમાર્ક કરી) નીચે "Register and Pay" બટન પર કલીક કરી Debit Card/Credit Card, Internet Banking અથવા SBI Branch Payment મારફતે ફી ભરી શકશે.

  (ફકત કન્યા ઉમેદવારો કે ફકત દિવ્યાંગ ઉમેદવાર હોય તેવી શાળાઓએ વિદ્યાર્થીના ચેકબોક્ષ ઉપર ક્લીક કરી(વિદ્યાર્થીના નામ સામે ટીકમાર્ક કરી) નીચે "Register " બટન પર કલીક કરી શૂન્ય(૦) ફી વાળી ફી રીસીપ્ટ રજીસ્ટ્રેશનના આધાર તરીકે સાચવી રાખવાની રહેશે અને જરૂર પડે ત્યારે બોર્ડ સમક્ષ રજૂ કરવાની રહેશે.)

કોઇ કારણોસર જે વિદ્યાર્થીઓ શાળા પર આવેદન માટેની સંમત્તિ તથા ફી ન આપવા જઇ શકે તેમ હોય તેવા કિસ્સામાં વિદ્યાર્થી જાતે ઓનલાઈન આવેદન કરીને નિયત ફી ભરી શકશે અને તેવા વિદ્યાર્થીઓએ પોતાની શાળાને ટેલીફોનીક જાણ કરવાની રહેશે. વિદ્યાર્થીએ પોતાનું આવેદન કરી ફી ભરવા માટે પોતાના નામના સામે આપેલ ચેકબોક્ષ ઉપર ક્લીક કરી નીચે "Register and Pay" બટન પર કલીક કરી Debit Card/Credit Card, Internet Banking અથવા SBI Branch Payment મારફતે ફી ભરી શકે છે.

- **<u>આવેદન કરેલ અથવા બાકી રહેલ વિદ્યાર્થીઓની યાદી મેળવવા માટેની પ્રક્રિયા</u>:-**

શાળા દ્વારા લોગીન કરી Report Button પર કલીક કરી "Student Wise Report" ઉપર કલીક કરવાથી જે વિદ્યાર્થીઓનું આવેદન કરી ફી ભરી દીધેલ હોય તેવા વિદ્યાર્થીઓ તેમજ જે વિદ્યાર્થીઓનું આવેદન કરવાનું બાકી હોય તેવા વિદ્યાર્થીઓની યાદી મેળવી શકાશે.

- **<u>શાળા દ્વારા કરવામાં આવેલ ચૂકવણા(PAYMENT) ની રસીદ(Receipt) મેળવવા માટેની પ્રક્રિયા</u>:-**

શાળા દ્વારા લોગીન કરી PAYMENT DETAILS પર કલીક કરી "Print Challan" માંથી જે વિદ્યાર્થીઓએ પોતાનું આવેદન કરી ફી ભરી દીધેલ છે તેમની Receipt Download કરી શકશે.

<u>પૂરક પરીક્ષા-૨૦૨૨ સામાન્ય પ્રવાહની જાહેર પરીક્ષા અંગેની પરીક્ષા ફી નીચે મુજબ રહેશે.</u>

- રીપીટર (એક વિષય) ફી રૂ.૧૪૦/-
- પ્રાયોગિક (એક વિષય) ફી રૂ.૧૦/-

**<u>ખાસ નોંધ</u>:-**

- **કન્યા ઉમેદવાર અને દિવ્યાંગ ઉમેદવારોને સરકારશ્રીએ પરીક્ષા ફી ભરવામાંથી મુક્તિ આપેલ છે. તેથી કન્યા ઉમેદવારો અને દિવ્યાંગ ઉમેદવારો પાસેથી પરીક્ષા ફી લેવાની રહેતી નથી. પરંતુ પૂરક પરીક્ષા-૨૦૨૨ માટે ઓનલાઇન આવેદન(રજીસ્ટ્રેશન) કરવું ફરજીયાત છે.**
- **રજીસ્ટ્રેશન કર્યા સિવાયના વિદ્યાર્થી(ઉમેદવારો) પરીક્ષાને પાત્ર ગણાશે નહી.**
- **ઓનલાઇન આવેદન કરી ઓનલાઇન અને SBI Branch Payment થી ફી ભરવા માટેની સુચનાઓ આ સાથે સામેલ છે.**
- **અંતિમ તારીખ સુધી ફી એક થી વધુ તબક્કામાં પણ ભરી શકાશે.**

**<u>નોંધ</u>:-**

- **સંસ્કૃત મધ્યમાના ૧ વિષયમાં અનુત્તિર્ણ વિદ્યાર્થી માટેનું આવેદન(ઓફલાઇન) કરવાનું રહેશે. વિદ્યાર્થીની સહી કરેલ યાદી તથા ડી.ડી. બોર્ડની ગાંધીનગર કચેરી ખાતે મોકલી આપવા જણાવવામાં આવે છે.**

# ફી ચૂકવવા માટેની પ્રક્રિયા:-

વિદ્યાર્થીની યાદી સામે ટીક કર્યા બાદ કુલ ભરવાની થતી રકમ નીચે દર્શાવેલ હશે તે ચકાસી લેવી ત્યારબાદ “Register and Pay” Button પર કલીક કરવું. ત્યારબાદ નીચે મુજબ SBI E-Pay નું Payment કરવા માટેનું Page દેખાશે.

➢ **<u>Online payment કરવા માટે નીચે મુજબની પ્રક્રિયા કરવાની રહેશે</u>**




- આપની અનુકુળ પદ્ધતિ મુજબ ચુકવણી કરી શકો છો. ઉપર દર્શાવ્યા પ્રમાણે Credit Card, Net Banking વગેરે દ્વારા Online Payment કરી શકાશે.
- Payment કરી Payment Receipt વાળુ પેજ આવે ત્યાં સુધી રાહ જોવી. પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી Browser બંધ ન કરવું કે વેબપેજ Reload ન કરવું.
- અરજી ભરવાની અંતિમ તારીખની મર્યાદા પૂર્ણ થાય તે પહેલા ફી નું ચુકવણું કરી દેવાનું રહેશે.
- Payment Successfully Complete થયા બાદ Receipt પર કલીક કરી Receipt ની પ્રિન્ટ કાઢી લેવાની રહેશે જે આપે કરેલ અરજીનો આધાર રહેશે.

## <u>પેમેન્ટના ચાર્જીસ નીચે મુજબ છે.</u>

| | |
|---|---|
| ક્રેડીટ કાર્ડ | કુલ રકમના ૧.૧૦% + ટેક્ષ જેટલો ટ્રાન્જેકશન ચાર્જ લાગશે. |
| **Net Banking** | ટ્રાન્જેક્શન દીઠ SBI નેટ બેન્કિંગ માટે રૂ.૫ + ટેક્ષ તેમજ અન્ય બેંકથી નેટ બેન્કિંગ માટે રૂ.૮ + ટેક્ષ ચાર્જ લાગશે. |
| કેશ | ટ્રાન્ઝેક્શન દીઠ રૂ.૬૦ (GST સાથે) ચાર્જ લાગશે. |

- ઉપરના તમામ ટ્રાન્જેક્શન ચાર્જીસ પર (ટેક્ષ) GST (જે હાલ ૧૮% છે તે) લાગશે.
- ઉદાહરણ તરીકે જો આપ SBI ના Net Banking થી રૂ.૧૪૦૦/- Payment કરો છો તો રૂ.૧૪૦૦/- + રૂ.૫/-(Transaction Charge) + રૂ.૦.૯૦(રૂ.૫/- ના ૧૮%) Tax એમ કુલ રૂ.૧૪૦૫.૯૦(રૂ.ચૌદસો પાંચ અને નેવું પૈસા) ચાર્જ લાગશે.
- **<u>Offline payment  કરવા માટે નીચે મુજબની પ્રક્રિયા કરવાની રહેશે</u>**




- ઉપર દર્શાવેલ ઇમેજમાં દર્શાવ્યા મુજબ "SBI Branch Payment" પર ક્લિક કરી નામ, મોબાઇલ નંબર અને ઇમેઇલની વિગતો ભરી Pay Now પર ક્લિક કરવાથી Offline Payment કરવા માટેનું ચલણ (કેશ મેમો) સ્લીપ જનરેટ થશે.(કેશ મેમોની રકમ આપે ચુકવવાની થતી રકમ સાથે ચકાસી લેવી.)
- આ સ્લીપ SBI (સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા) ની કોઇ પણ બ્રાંચ પરથી ભરી શકાશે.
- SBI દ્વારા ચલણ ભરવાનો ચલણદીઠ રૂ.૬૦ ( GST સાથે) ચાર્જ દ્વારા લેવામાં આવશે.
- અરજી કર્યાની અંતિમ તારીખ પહેલાં ચલણ ભરી દેવાનું રહેશે.
- SBI બ્રાન્ચ ભરેલ પહોંચ સાચવી રાખવાની રહેશે. તથા જરૂર જણાય ત્યારે રજૂ કરવાની રહેશે.
- Payment કર્યાના ૨ (ચાલુ) દિવસ બાદ લોગીન કરી Payment Option માં જઇ આપની Receipt ની પ્રિન્ટ કાઢી લેવાની રહેશે જે આપે કરેલ અરજીનો આધાર રહેશે.

<u>નોંધ</u>:- Fee Payment Receipt Print કરી સાચવી રાખવાનો રહેશે. (શૂન્ય ફી ના કિસ્સામાં શૂન્ય ફી વાળી Receipt Print કરી સાચવી રાખવાની રહેશે.)